**મે.વડોદરાના ૧૦માં જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ.ક. સાહેબશ્રીની કોર્ટમાં, વડોદરા.**

GJVD020899432026

**ગુ.મુ.નં.૮૩૨૫૪/૨૦૨૬**
**આંક–**

**ફરિયાદી – શ્રી સરકાર**

**વિરૂધ્ધ**

**આરોપી– રાજેન્દ્ર રૂપલાલ યાદવ**

**ગુન્હો :– એમ.વી.એકટ–૧૮૫, પ્રોહિ કલમ ૬૬(૧)બી, મુજબ....**

## ચુકાદો

(૧) ફરિયાદપક્ષે આરોપી વિરૂધ્ધ એમ.વી.એકટ–૧૮૫ તથા પ્રોહિ કલમ ૬૬(૧)બી, મુજબનું ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨)આજરોજ આરોપી કોર્ટ સમક્ષ હાજર થતા પોલીસ પપર્સની નકલો પુરી પાડી, ગુના કબુલાત પુરશીશ રજુ કરતા અને આરોપીની પ્લી રેકર્ડ  કરતાં, આરોપીએ સ્વૈચ્છાપૂર્વક ગુનાની કબુલાત કરેલી છે.

(૩)આરોપીની સ્વૈચ્છાપૂર્વક ગુનાની કબુલાત ધ્યાને લેતા તેમજ પોલીસ પેપર્સ વંચાણે લેતા આરોપીનો પ્રથમ ગુનો છે આરોપીની આર્થિક અને સામાજીક સ્થિતિ ધ્યાને લેતાઅને દયાની માંગણી કરતા હોય તે ધ્યાને લઇ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

(૧)આ કામના આરોપીને **ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૨૭૫** અન્વયે **એમ.વી.એકટ–૧૮૫, પ્રોહિ કલમ ૬૬(૧)બી** મુજબના ગુનામાં આરોપીને તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધી સજા અને આરોપીને **રૂ.૨૨૦૦/– (અંકે રૂ. બાવીસો પુરા)** દંડની સજા ફરમાવું છું અને જો દરેક આરોપી દંડની રકમ ન ભરે તો **દિન–૨૨** ની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

(૨)આ કામે કબ્જે કરવામાં આવેલ વેલ્યુએબલ મુદામાલ અંગે અગાઉ જો કોઈ વચગાળાનો હુકમ થયેલ હોય તો તે આથી કાયમી કરવામાં આવે છે. અન્યથા મુદામાલની માલીકી અંગે ખરાઈ કરી મુળમાલિકને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે તેમજ સદર કામે કબજે કરવામાં આવેલ નોન વેલ્યુએબલ મુદામાલનો અપીલ સમય પુરો થયેથી નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૧/૦૭/૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તા.૧૧/૦૭/૨૦૨૬
વડોદરા

(એચ.ડી.પંચાલ)
૧૦માં જ્યુડી.મેજી.ફ.ક
વડોદરા.
કોડ નં. ૦૧૭૫૨

રૂપિયા:–............
પાવતી નં:– ............
તારીખ :– ૧૧/૦૭/૨૦૨૬
નાઝીર